અમદાવાદ (ગ્રામ્ય) ની ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, રૂમ નં. 513, પાંચમો માળ, મીરઝાપુર, અમદાવાદ.

<u>ફોજદારી કેસ નં. 5678/2023</u>
<u>આંક........</u>

**<u>ફરીયાદીઃ</u>** શ્રી સરકાર

વિરૂદ્ધ

**<u>આરોપીઃ</u>** શૈલેષકુમાર સ/ઑફ ગોવિંદભાઈ ચમાર

ફરીયાદી તર્ફે એ. પી. પી. શ્રી અને આરોપી તર્ફે વિ. વ. શ્રી

ગુનોઃ– ઈ. પી. કો. કલમ – 279 તથા એમ.વી.એક્ટની કલમ 185 તથા પ્રોહી. કલમ 66(1)B મુજબ.

**–: ચુ કા દો :–**

1. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ ચાર્જશીટમાં દર્શાવેલ વિગેત કેફીપીણું પી વાહન ચલાવી લોકની જીંદગી જોખમાય તે રીતે જાહેરમાં વાહન ચલાવવાનો આક્ષેપ છે. જે મુજબ આરોપી સામે હાલનું ચાર્જશીટ કરેલ છે. એમ.વી.એક્ટની કલમ ૧૮૫ નો ગુનો એન.સી.નો ગુનો છે તેથી ચાર્જશીટ કરતાં અગાઉ તપાસ માટે કોર્ટની પરવાનગી મેળવવી જરૂરી છે જે આ કામે મેળવેલ નથી તેથી આ કામે ટેક્નીકલ બાધ નડે છે પરંતુ આરોપી સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરવા માટે હાજર થયેલ હોવાથી આ કેસમાં ટેક્નીકાલીટીનો બાધ નડતો હોવા છતાં હાલ તેમાં દાખળ થયેલ નથી. આરોપીએ સ્વેચ્છાએ ગુનાની કબુલાત કરેલ છે અને તે અંગે કબુલાત પુરસીસ રજુ કરેલ છે.
2. આરોપીએ રજુ કરેલ કબુલાત પુરસીસ, આરોપીની આર્થીક તેમજ સામાજિક સ્થિતી તથા સદર આરોપીએ કરેલ ગુનો અને તે ગુનામાં કરવામાં આવેલ સજાની જોગવાઈઓ વિગેરેને ધ્યાને લેતાં તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવરજી ઠાકોર ૨૦૦૫(૧) જિ.એલ.આર. પાના નં. ૭૦૯ વાળા ચુકાદામાં જણાવ્યા મુજબ જો ખાસ સંજોગો હોય તો કાયદામાં જણાવેલ ઓછામાં ઓછી સજા કરતાં પણ ઓછી સજા કોર્ટ કરી શકે જે સિદ્ધાંતને ધ્યાને રાખતાં સદરહું આરોપીને જો એક સુધરવાની તક આપવામાં આવે અને યોગ્ય દંડ કરવામાં તો ન્યાયનો હેતુ જળવાશે તેમ માની નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આ ખ રી હુ ક મ :–**

આ કામના આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ – 252 અન્વયે ઈ. પી. કો. કલમ – 279 તથા એમ.વી.એક્ટની કલમ 185 તથા પ્રોહી. કલમ 66(1)B મુજબના ગુનામાં તકસીરવાન ઠરાવી, આરોપીને રૂ. 2,400/– (અંકે રૂપિયા બે હજાર ચારસો પુરા)નો દંડ અને જો આરોપી દંડ ન ભરે તો દિન – 7 ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ વાહન છોડાવેલ ન હોય તો માલીકીની અંગે ખરાઈ કરી માલીકને પરત કરવાનો હુકમ કરવામાં આવે છે

તા. 13/05/2023
અમદાવાદ

(રઘુવિરસિંહ અનિરૂધ્ધસિંહ ઝાલા)
UIC CODE NO. GJ00938
ચીફ જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ
મીરઝાપુર, અમદાવાદ (ગ્રામ્ય)